# નિયમો અને શરતો

## YES BANK ના **GPR** પ્રિપેઇડ કાર્ડ્સ માટે

અહીં જણાવેલ નિયમો અને શરતો (જેને "**નિયમો અને શરતો**" તરીકે ઓળખવામાં આવે છે) "**GPR પ્રીપેડ કાર્ડ**" નો ઉપયોગ કરવા માટે લાગુ પડે છે, અને તેનો ઉપયોગ કરતા પહેલાં તેની સાથે સંમત થવા અને સ્વીકારવા જરૂરી છે. નીચે જણાવેલ નિયમો અને શરતો, "**GPR પ્રીપેડ કાર્ડ**" ના વિશે તમારા અને YES બેન્ક વચ્ચેના સંપૂર્ણ કરાર અને/અથવા વ્યવસ્થાની રચના કરે છે, જેને સમયાંતરે YES બૅન્ક લિમિટેડની સંપૂર્ણ વિવેકબુદ્ધિ અને સત્તા સાથે સંશોધિત કરી શકાય છે.

"**GPR પ્રીપેડ કાર્ડ**" નો ઉપયોગ કરવા માટેની સાઇન-અપ પ્રક્રિયા પૂર્ણ કરીને, તમે અહીં ઉલ્લેખિત દરેક નિયમો અને શરતોને સ્પષ્ટપણે વાંચ્યા છે, સમજી લીધા છે અને સ્વીકાર્યા છે એવું માનવામાં આવે છે. તમે અહીં ઉલ્લેખિત તમામ નિયમો અને શરતોથી બાધ્ય થવા સહમત છો, અને તેને સમયાંતરે YES બૅન્ક લિમિટેડની સંપૂર્ણ વિવેકબુદ્ધિ અને સત્તા સાથે સંશોધિત કરી શકાય છે.

**I. વ્યાખ્યાઓ**

આ નિયમો અને શરતોમાં, જ્યાં સુધી વિપરીત હેતુ દેખાતો નથી અને/અથવા સંદર્ભ અન્યથા જરૂરી ન હોય, ત્યાં સુધી  અહી વ્યાખ્યાયિત મૂડીકરણની શરતો: (i) ક્વોટેશન અને/અથવા ફકરામાં સમાવેશ થતો હોવાનો અર્થ એ છે; અને (ii) નીચે જણાવેલી શરતો અનુસાર તેનો નીચે જણાવેલ અર્થ થશે:

a) "એકાઉન્ટ" અથવા "કાર્ડ એકાઉન્ટ" એ PPI ઉપર ઉપલબ્ધ મર્યાદાની દેખરેખ રાખવાના હેતુસર, આ PPI પર લોડ કરવામાં આવેલ રકમની સમકક્ષ એકાઉન્ટ બેલેન્સ સાથે પ્રિપેઇડ એકાઉન્ટનો ઉલ્લેખ કરે છે.

b) "એપ્લિકેશન ફોર્મ" નો અર્થ એ છે કે જે GPR પ્રીપેડ કાર્ડ સાથે જોડાણમાં સમયાંતરે ગ્રાહક દ્વારા આપવામાં આવેલ, GPR પ્રીપેડ કાર્ડ અરજી ફોર્મ ગ્રાહક દ્વારા YES બેન્કને GPR પ્રીપેડ કાર્ડ મેળવવા માટે અરજી અને/અથવા તેના ઉપયોગ માટે બધી જરૂરી માહિતી, વિગતો, સ્પષ્ટીકરણો અને ઘોષણા, જો કોઈ હોય તો એ સંદર્ભે પરવાનગી આપવામાં આવી છે અથવા આપવાની જરૂર છે.

c) "બિઝનેસ ડે" એટલે રવિવાર અથવા નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, 1881 ના વિભાગ 25 ની વ્યાખ્યા મુજબ જાહેર રાજાના દિવસો સિવાયના દિવસ છે કે જે દિવસે બેન્કો બૅન્કિંગ અને વેપારનું સંચાલન કરવા માટે ખુલ્લી હોય છે.

d) "ચાર્જિસ" નો અર્થ એ થાય છે કે GPR પ્રીપેડ કાર્ડનો ઉપયોગ કરવા માટે YES બેન્ક દ્વારા લેવામાં આવતો કર, ખર્ચ અને કિંમત ચી જેને સમયાંતરે YES બેન્ક દ્વારા સુધારવામાં આવે છે.

e) "કેશ લીમીટ" નો અર્થ એવો થાય છે કે ગ્રાહક કોઈ પણ દિવસે અથવા સમયાંતરે YES બેન્ક દ્વારા નક્કી કરેલા સમયગાળામાં, GPR પ્રીપેડ કાર્ડનો ઉપયોગ કરીને ઉપાડી શકે તેવી મહત્તમ રકમ, એવી પૂર્વ શરત છે કે કોઈપણ સ્સંજોગોમાં ગ્રાહકને આપવામાં આવેલ GPR પ્રીપેડ કાર્ડમાં ટ્રાન્સફર કરવામાં આવેલી રકમ અને ગ્રાહક દ્વારા તેના કરવામાં આવેલા ઉપયોગના આધારે તેમાંથી એકંદર ડેબિટ બાદ કર્યા પછી વધતી રકમ કરતા તે વધુ હશે નહીં.

f) "કસ્ટમર" અથવા "હોલ્ડર" નો અર્થ એવો થાય છે કે કોઈપણ વ્યક્તિગત વ્યકિત, મર્યાદિત જવાબદારી ધરાવતી ભાગીદારી કંપની, ભાગીદારી કંપની, સમાજ, કંપની અથવા લાગુ પડતા કાયદા હેઠળ કોઈપણ અન્ય સંસ્થા અથવા સંગઠન છે, જે બેન્ક પાસેથી PPIs મેળવી/ખરીદી કરીને આવા સાધનો પર સંગ્રહિત મૂલ્ય સામે તેના દ્વારા જ સામાનની ખરીદી અને નાણાકીય સેવાઓ, ભરણાની સવલતો વગેરે સહિતની સેવાઓ માટે તેનો ઉપયોગ કરે છે.

g) "કસ્ટમર કેર સેન્ટર" એ ગ્રાહક દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ પ્રશ્નો, GPR પ્રીપેડ કાર્ડના સંબંધમાં ગ્રાહક દ્વારા માંગવામાં આવેલી તમામ વિગતો અથવા માહિતીને સંબોધવા માટે YES બેન્ક દ્વારા પ્રદાન કરવામાં આવેલ, ફોન પ્રોગ્રામ અને બેન્કિંગ સેવાનો સંદર્ભ આપે છે.

h) "કાર્ડ એગ્રીમેન્ટ" નો અર્થ એ થાય છે એવો કરાર અથવા વ્યવસ્થા પત્ર, જે ગ્રાહક પોતાના કર્મચારીઓ/કોન્ટ્રાક્ટ સ્ટાફને GPR પ્રીપેડ કાર્ડને ફાળવવા માટે ગ્રાહક દ્વારા ગ્રાહક દ્વારા હસ્તાક્ષરિત કરીને YES બેન્કને આપવામાં આવે છે અને તેનું પાલન કરવામાં આવે છે અને તેમાં સમયાંતરે કરવામાં આવેલા કોઈપણ સુધારાનો સમાવેશ થાય છે.

i) "કાર્ડ" અથવા "YES બેંક GPR કાર્ડ" અથવા પ્રિપેઇડ ઇન્સ્ટ્રુમેન્ટ (PPI) નો અર્થ એવો થાય છે કે પ્રિપેઇડ ઇન્સ્ટ્રુમેન્ટ ("PPI" - કાર્ડ/વૉલેટ) જે ચુકવણી કરવાના સાધનો છે જે આવા સાધનો પર સંગ્રહિત મૂલ્ય સામે

29 ડિસેમ્બર, 2017 ના રોજ માસ્ટર ડિરેક્શન ઓન ઇશ્યૂ એન્ડ ઓપરેશન ઓફ પ્રીપેડ પેમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ્સમાં વ્યાખ્યાયિત થયેલ નાણાકીય સેવાઓ, ભરણા સુવિધા વગેરે સહિત માલ અને સેવાઓની ખરીદીની સુવિધા આપે છે.

j) "EDC" અથવા "ઇલેક્ટ્રોનિક ડેટા કેપ્ચર" એટલે ટર્મિનલ, પ્રિન્ટર, અન્ય પેરિફેરલ અને જરૂરી સામગ્રી અને જરૂરી સૉફ્ટવેર કે જેના પર GPR પ્રીપેડ કાર્ડ સ્વાઇપ કરી શકાય છે અથવા લેવડદેવડ કરવા માટે વપરાય છે.

k) "ઈન્ટરનેટ પેમેન્ટ ગેટવે" એટલે ગ્રાહકના સત્તાધિકરણ પછી ઈન્ટરનેટ મારફતે GPR પ્રીપેડ કાર્ડ દ્વારા ચુકવણીને અધિકૃત કરવા YES બેન્ક દ્વારા નિયત કરવામાં આવેલ/નિયત કરાનાર પ્રોટોકોલ.

l) "KYC" નો અર્થ એવો થાય છે કે તમારા ગ્રાહકોને ઓળખો. આ માટે સમયાંતરે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકા, પરિપત્ર અને સૂચનાઓ અનુસાર ગ્રાહકની ઓળખ અને ચકાસણીના હેતુસર બેન્ક દ્વારા અપનાવામાં આવેલ માર્ગદર્શિકા.

m) "મર્ચન્ટ એસ્ટાબ્શીમેન્ટ્સ" નો અર્થ એવો થાય છે કે એવા ભૌતિક સંસ્થાનો જેમાં, ભારતમાં સ્થિત સ્ટોર્સ, દુકાનો, રેસ્ટોરન્ટ, હોટેલ્સ, પણ તેના સુધી મર્યાદિત નથી જે GPR પ્રીપેડ કાર્ડ અથવા માસ્ટર કાર્ડ સ્વીકારે છે.

n) "પર્સનલ આઇડેન્ટિફિકેશન નંબર (PIN)" એ એક આંકડાકીય પાસવર્ડ છે જે YES બેન્ક દ્વારા PPI સાથે પૂરી પાડવામાં આવેલી કીટનો એક ભાગ છે.

o) "પેમેન્ટ ચેનલ" નો અર્થ એવો થાય છે કે, સમયાંતરે YES બેન્ક દ્વારા સૂચિત કરાયેલ EDC/POS ટર્મિનલ્સ/કિઓસ્ક/ઈન્ટરનેટ પેમેન્ટ ગેટવે અને અન્ય વિવિધ પ્રકાર સહિત પરંતુ તે એટલે સુધી મર્યાદિત નથી તેવા લેવડદેવડના વિવિધ પ્રકારોનો સમાવેશ થાય છે.

p) "POS" અથવા "પોઇન્ટ ઓફ સેલ" એટલે ભારતમાં મર્ચન્ટ એસ્ટાબીશિમેન્ટ્સ દ્વારા સંચાલિત ઇલેક્ટ્રોનિક ટર્મિનલ, જ્યાં ગ્રાહક નાણાકીય સેવાઓ, ભરણાની સવલતો વગેરે સહિત માટે સામાન અને સેવાઓની ખરીદી કરવા માટેના GPR પ્રીપેડ કાર્ડનો ઉપયોગ કરી શકે છે.

q) "પ્રોગ્રામ" નો અર્થ એ છે કે ગ્રાહકને GPR પ્રીપેડ કાર્ડ પ્રદાન કરવા માટે YES બેન્ક દ્વારા આપવામાં આવેલ પ્રોગ્રામ.

r) "શેડ્યુલ ઓફ ફીઝ/ચાર્જીસ" નો અર્થ એવો થાય છે કે સમયાંતરે YES બેન્ક દ્વારા નક્કી કરવામાં આવતી ફી અથવા ખર્ચની વિગતો જે તેની વેબસાઈટ પર પ્રદર્શિત કરવામાં આવે છે, અને તે સમયાંતરે સુધારવામાં આવે છે.

s) "સ્ટેટમેન્ટ" નો અર્થ એ છે કે એ એવું એક માસિક પત્રક છે જેમાં GPR પ્રીપેડ કાર્ડ દ્વારા કરાવામાં આવેલ વ્યવહાર દર્શાવવામાં આવે છે જે YES બેન્કના રેકોર્ડ્સમાં ઉપલબ્ધ હોય છે, જેમાં GPR પ્રીપેડ કાર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલ અથવા કરવામાં આવેલ નાણાકીય વ્યવહારો, અને કાર્ડ એકાઉન્ટમાં બાકી રહેતી સિલક દર્શાવવામાં આવે છે, જો કોઈ હોય તો.

t) "ટ્રાન્ઝેક્શન" એટલે ગ્રાહક દ્વારા માસ્ટરકાર્ડ સાથે જોડાયેલ કોઈપણ મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ, ભારતમાં YES બૅન્કના ATM, અન્ય બેન્કના ATM અથવા ઇન્ટરનેટ પર GPR પ્રીપેડ કાર્ડ દ્વારા કરવામાં આવેલ કોઈપણ લેવડદેવડ.

u) "ટ્રાન્ઝેક્શન લીમીટ" નો અર્થ એવો થાય છે કે ગ્રાહક કોઈ પણ દિવસે અથવા સમયાંતરે YES બેન્ક દ્વારા નક્કી કરેલા સમયગાળામાં, GPR પ્રીપેડ કાર્ડનો ઉપયોગ કરીને મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટમાં અથવા ઇન્ટરનેટ પર સીધી કે આડકતરી રીતે ખરીદી શકે તે માટેની મહત્તમ રકમ, એવી પૂર્વ શરત છે કે કોઈપણ સંજોગોમાં ગ્રાહકને આપવામાં આવેલ GPR પ્રીપેડ કાર્ડમાં ટ્રાન્સફર કરવામાં આવેલી રકમ અને ગ્રાહક દ્વારા તેના કરવામાં આવેલા ઉપયોગના આધારે તેમાંથી એકંદર ડેબિટ બાદ કર્યા પછી વધતી રકમ કરતા તે વધુ હશે નહીં.

v) "વેબસાઈટ" નો અર્થ એ છે કે URL www.yesbank.in પર ઉપલબ્ધ YES બૅન્કની માલિકીની,તેના દ્વારા સ્થાપિત અને તેના દ્વારા જ જાળવણી કરવામાં આવે છે એવી વેબસાઈટ જેમાં સમયાંતરે કોઈ ફેરફાર અથવા સુધારા કરવામાં આવે છે.

w) "YES બેન્ક" નો અર્થ થાય છે YES Bank Ltd. જે કંપની એક્ટ 1956 ના અર્થમાં એક બેન્કિંગ કંપની છે, અને બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ની કલમ 5 (સી) ના અર્થમાં, એક બેન્કિંગ કંપની છે, જે નહેરૂ કેન્દ્ર, 9 મા માળે, ડિસ્કવરી ઓફ ઈન્ડિયા, ડો એ.બી. રોડ, વરલી, મુંબઇ 400 018 ખાતે તેની રજીસ્ટર ઓફીસ ધરાવે છે.

**II. અર્થઘટન**

આ નિયમો અને શરતોમાં, જ્યાં સુધી વિપરીત હેતુ પ્રગટ થાય નહીં:

a) "સુધારા" ના સંદર્ભમાં પૂરક, ફેરફાર, નવીનકરણ, રિપ્લેસમેન્ટ અથવા ફરીથી અધિનિયમ ઘડવાનો સમાવેશ થાય છે અને "સુધારેલ" નું તે મુજબનું અર્થઘટન થાય છે;

b) "અધિકૃતતા" અથવા "મંજૂરી" માં અધિકૃતતા, સંમતિ, મંજૂરી, પરવાનગી, ઠરાવ, લાઇસન્સ, મુક્તિ, ફાઇલિંગ અને રજીસ્ટ્રેશનનો સમાવેશ થાય છે;

c) "કાયદો" માં બંધારણ, ધારા, કાનુન, નિયમ, વટહુકમ, ચુકાદો, ઓર્ડર, ચુકાદો, હુકમ, હુકમનામું, અધિકૃતતા, અથવા કોઈપણ પ્રકાશિત નિર્દેશ, માર્ગદર્શિકા, જરૂરિયાત અથવા કાયદાની ધારા ધરાવતા સરકારી પ્રતિબંધ, અથવા કોઈ પણ નિર્ણય અથવા અર્થઘટનનો સમાવેશ થાય છે. કોઇપણ અદાલતી અધિકારી દ્વારા આગળના કોઈપણ, અરજી પત્રક પર હસ્તાક્ષર કરવા/સબમિશનની તારીખથી અથવા તેના પછી, અને સમયાંતરે તેમાં સુધારો કરાયેલ દરેકનો સમાવેશ થાય છે.

d) "ફોર્સ મેજ્યુઅર ઇવેન્ટ" નો અર્થ થાય છે કે કોઈ પણ કારણને લીધે YES બેન્કના વાજબી અંકુશની બહાર બનતો કોઇપણ પ્રસંગ, જેમાં તેની સીમાની બહાર કોઈપણ સંચાર પ્રણાલીઓની અનુપ્લાબ્ધતા, અથવા ચુકવણી પ્રક્રિયામાં અથવા વિતરણ વ્યવસ્થામાં ઉલ્લંઘન, ભાંગફોડ, આગ, પૂર, વિસ્ફોટ, કુદરતી આફતો, નાગરિક ઉત્પાત, હડતાલ અથવા કોઈપણ પ્રકારની ઔદ્યોગિક કાર્યવાહી, હુલ્લડો, બંડ, યુદ્ધ, સરકારના કૃત્યો, કમ્પ્યુટર હેકિંગ, કમ્પ્યુટર ડેટા અને સ્ટોરેજ ડિવાઇસનું અનધિકૃત ઍક્સેસ, કમ્પ્યુટર ક્રેશ થઇ જવું, કમ્પ્યુટર ટર્મિનલમાં ભૂલો, સિસ્ટમો કોઈપણ કારણસર વાઈરસથી દૂષિત થવી, વિનાશક અથવા દૂષિત કોડ અથવા કાર્યક્રમ, યાંત્રિક અથવા તકનીકી ભૂલો/નિષ્ફળતા અથવા વીજળી બંધ થવી, દૂરસંચારમાં ખામી અથવા નિષ્ફળતાઓ દ્વારા પ્રણાલી અસરગ્રસ્ત થઈ જવી વગેરનો સમાવેશ થાય છે.

e) એકવચનમાં અને બહુવચન અને તેનાથી ઊલટું પણ શામેલ છે;

f) આ નિયમો અને શરતોના શીર્ષક માત્ર સંદર્ભની સુવિધા માટે શામેલ કરવામાં આવેલ છે.

g) "શામેલ" અથવા "સમાવિષ્ટ" શબ્દોનો સંદર્ભ કોઈ પણ મર્યાદા વિનાનો અર્થ કરવામાં આવશે;

h) લિંગના સંદર્ભમાં પુરૂષ, સ્ત્રી અને નાન્યતર જાતિના સંદર્ભનો સમાવેશ થાય છે;

i) કોઈ પણ બાબત માટે YES બેન્ક પાસેથી મેળવવાની જરૂરી બધી મંજૂરીઓ, પરવાનગીઓ, સંમતિ અથવા સ્વીકૃતિ, માટે YES બેંક પાસેથી લેખિત મંજૂરી, પરવાનગી, સંમતિ અથવા સ્વીકારવાની જરૂર રહેશે;

j) કોઈપણ એવી ઘટના, જેમાં ઘટના, સંજોગો, પરિવર્તન, હકીકત, માહિતી, દસ્તાવેજ, અધિકૃતતા, કાર્યવાહી, અધિનિયમ, ચૂક, દાવા, ભંગ, સહિત કોઈપણ બાબતની અગત્યતા અંગે YES બેન્ક અને ગ્રાહક વચ્ચે કોઈપણ મતભેદ અથવા વિવાદની ઘટનામાં ડિફોલ્ટ અથવા અન્યથા, આગળની કોઈ પણ વસ્તુની ભૌતિકતા માટે YES બેન્કનો અભિપ્રાય ગ્રાહક માટે અંતિમ રહેશે અને બંધનકર્તા રહેશે.

**III. નિયમો અને શરતોની પ્રયોજ્યતા:**

a) સામાન્ય નિયમો અને શરતો સાથે આ શરતો અને નિયમો, GPR પ્રીપેડ કાર્ડના વપરાશ માટે ગ્રાહક અને YES બેંન્ક વચ્ચેના સંપૂર્ણ કરારનું સંયુક્ત નિર્માણ કરે છે.

b) GPR પ્રીપેડ કાર્ડ YES બેન્ક દ્વારા જારી કરવામાં આવશે, જે સમયાંતરે YES બેન્ક દ્વારા નક્કી કરાયેલ પાત્રતાના માપદંડને પરિપૂર્ણ કરતા ગ્રાહકને આધીન રહેશે.

c) GPR પ્રીપેડ કાર્ડ અન્ય વ્યક્તિ કે પક્ષ માટે તબદીલીપાત્ર રહેશે નહીં.

d) GPR પ્રીપેડ કાર્ડ પર અપલોડ કરી શકાય છે તે મહત્તમ ક્રેડિટ બેલેન્સ રૂ. 50,000/- (પચાસ હજાર રૂપિયા પુરા) સુધી જ મર્યાદિત રહેશે.

e) GPR પ્રીપેડ કાર્ડ માત્ર ભારત પ્રદેશમાં અને ભારતીય રૂપિયાના વ્યવહારો માટે જ માન્ય રહેશે. GPR કાર્ડનો ઉપયોગ ભારત પ્રદેશની બહાર અથવા વિદેશી ચલણમાં સૂચિત કોઈપણ વ્યવહારો માટે કરી શકાતો નથી.

f) GPR પ્રીપેડ કાર્ડ YES બેન્કની વિશિષ્ટ મિલકત છે.

g) ગ્રાહકે GPR પ્રીપેડ કાર્ડ મેળવ્યા પછી તરત જ તેની પાછળની બાજુ પર સહી કરવી પડશે. YES બેન્ક આવી સહી ના હોય ત્યારે અથવા સહી મેળ ખાતી ન હોય ત્યારે ગ્રાહકને વધુ નોટિસ આપ્યા વિના અથવા જાણ કર્યા વિના, કોઈ પણ લેવડદેવડને નકારવા અથવા રદ કરવાનો અધિકાર અનામત રાખે છે.

h) GPR પ્રીપેડ કાર્ડમાં ઉલ્લેખિત ક્રેડિટની મર્યાદાની અંદર ગ્રાહક દ્વારા રોકડ ઉપાડ માટે સ્વયંસંચાલિત ટ્રેલર મશીનો ("ATM") ખાતે GPR પ્રીપેડ કાર્ડનો ઉપયોગ કરી શકાય છે. આ ઓપન લૂપ કાર્ડ્સ છે અને ATM પર રોકડ ઉપાડ માટે ઉપયોગ કરી શકાય છે.

i) YES બેન્ક કોઈ પણ સમયે GPR પ્રીપેડ કાર્ડમાં જાળવવામાં આવેલી સિલક પર કોઈ જાતનું વ્યાજ ચૂકવવા માટે જવાબદાર રહેશે નહીં.

j) YES બેન્ક, GPR પ્રીપેડ કાર્ડની સમાપ્તિના 45 દિવસ પહેલાં ગ્રાહકને રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર SMS દ્વારા જાણ કરશે અથવા ખબર આપશે. ગ્રાહકે GPR પ્રીપેડ કાર્ડની સમાપ્તિની પહેલાં GPR પ્રીપેડ કાર્ડમાં ઉપલબ્ધ સમગ્ર ક્રેડિટ બેલેન્સનો ઉપયોગ કરી લેવો જોઈએ. જો ગ્રાહક માન્ય સમયગાળા દરમિયાન GPR પ્રીપેડ કાર્ડમાં ઉપલબ્ધ ક્રેડિટ બેલેન્સનો ઉપયોગ કરી શકતો નથી, તો બાકી રકમ માટે YES બેન્કમાં અથવા ગ્રાહકના અન્ય કોઈ બૅન્ક એકાઉન્ટમાં રકમના રિફંડ/ટ્રાન્સફર ગ્રાહક YES બેન્કનો સંપર્ક કરી શકે છે. જો ગ્રાહક કોઈ ચોક્કસ સમયગાળાની અંદર YES બેન્કનો સંપર્ક કરી શકતો નથી, તો GPR પ્રીપેડ કાર્ડમાં ઉપલબ્ધ બાકી ક્રેડિટ બેલેન્સ નિયમનકારી માર્ગદર્શિકાના પાલન મુજબ ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવશે.

**IV. કાર્ડ જારી કરવું અને તેનો વપરાશ**

a) ગ્રાહકને GPR પ્રીપેડ કાર્ડ પહોંચાડવા અને આપવા અને તેની જે ગ્રાહકને કાર્ડ વિતરિત કરે છે એવી તેની સંલગ્ન સસ્થાને કાર્ડ આપવા માટે ગ્રાહક YES બેન્કને બિનશરતી અને અચોક્કસપણે અધિકૃત કરે છે. YES બેન્ક ગ્રાહકને GPR પ્રીપેડ કાર્ડની ડિલિવરીના સંબંધમાં સંસ્થાના કોઈ પણ કાર્ય અથવા ભૂલ માટે જવાબદાર અથવા ઉત્તરદાયી નથી.

b) YES બેન્ક અને મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ્સ, ગ્રાહકને કોઈપણ પૂર્વ સૂચના આપ્યા વગર કોઈપણ સમયે કોઈપણ કારણોસર GPR પ્રીપેડ કાર્ડને સ્વીકૃત કરવા ઇનકાર કરવાનો અધિકાર અનામત રાખે છે.

c) GPR પ્રીપેડ કાર્ડનો ઉપયોગ માત્ર વિશ્વસનીય વ્યક્તિગત દ્વારા અથવા અધિકૃત હેતુઓ માટે જ કરવામાં આવશે. અહી એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે અમુક સમયે, અમુક મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ્સના કિસ્સામાં આવા મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ્સ દ્વારા પૂરી પાડવામાં આવેલ વધારાની ચોક્કસ સેવા અથવા અન્ય સુવિધા માટેના ચાર્જનો સમાવેશ થાય છે.

d) ગ્રાહક કોઇપણ મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતે પૂર્ણ થયેલા દરેક ટ્રાન્ઝેક્શન માટે બનાવવામાં આવેલ તમામ ચાર્જ માટેની સ્લિપ પર સહી કરશે અને તેને સંભાળીને રાખશે. YES બેન્ક ગ્રાહકને આ ચાર્જ સ્લિપ અથવા ટ્રાન્ઝેક્શન સ્લિપની નકલો પૂરો પાડવા માટે જવાબદાર નથી. ગ્રાહક દ્વારા આવી કોઈ વિનંતી કરવામાં આવે તો તે આપવી એ YES બેન્કની સંપૂર્ણ સત્તા હેઠળ રહેશે અને આવા વિનંતીઓ ગ્રાહક દ્વારા ટ્રાન્ઝેક્શનની તારીખથી પિસ્તાલીસ (45) દિવસની અંદર કરવામાં આવશે. ગ્રાહક એ વાત પર સહમત થાય છે કે ચાર્જ અથવા ટ્રાન્ઝેક્શન સ્લિપની નકલો પૂરો પાડવા માટે YES બેન્ક વધારાનો ખર્ચ અથવા ચાર્જ વસૂલ કરવા માટે હકદાર રહેશે.

e) કોઈ પણ ટ્રાન્ઝેક્શન સંબંધિત મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ દ્વારા વસૂલ કરવામાં આવેલા કોઈપણ જાતના ચાર્જ અથવા ખર્ચ માટે ગ્રાહકે સીધા મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ સાથે સેટલમેન્ટ કરવાનું રહેશે. માસ્ટર મર્ચન્ટના બદલામાં અથવા ટ્રાન્ઝેક્શન સંબંધિત તેમના દ્વારા ચાર્જ કરવામાં આવેલ અથવા વસૂલવામાં આવેલા કોઇપણ ખર્ચ અથવા ચૂકવણી માટે, સીધી કે આડકતરી રીતે બૅન્ક જવાબદાર અથવા ઉત્તરદાયી નથી.

f) સાધનની ત્રુટી અથવા કમ્યુનિકેશન લિંકના આધારે કોઈપણ મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ દ્વારા આપવામાં આવેલ તમામ રિફંડ અને એડજસ્ટમેન્ટ્સની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને YES બેન્કના લાગુ નિયમો, નિયમન અને આંતરિક નીતિના આધારે YES બેન્ક દ્વારા માન્યતાપ્રાપ્ત ચકાસણી પછી તેને કાર્ડ એકાઉન્ટમાં જમા કરવામાં આવશે. ગ્રાહક સહમત થાય છે કે કોઈ પણ અનુગામી ટ્રાન્ઝેક્શન માત્ર YES બેન્કની વિચારણા હેઠળ કરવામાં આવશે અને તે કોઈપણ વિવાદિત રકમને ધ્યાનમાં લીધા વગર કાર્ડ એકાઉન્ટમાં ઉપલબ્ધ ક્રેડિટ બેલેન્સના આધારે સ્વીકારવામાં આવશે. કાર્ડના ખાતામાં અપર્યાપ્ત ભંડોળના પરિણામે ચુકવણીની સૂચનાઓનો અનાદર થવાના કારણે, YES બેન્કને કોઈપણ ખોટ કે નુકસાન થશે તો તે નુકશાન YES બેંકને ચુકવવા માટે ગ્રાહક બિનશરતી રીતે જવાબદાર રહેશે. ગ્રાહક સહમત થાય છે કે YES બેન્કને થયેલ નુકશાનની આ રકમ કાર્ડ ખાતામાંથી YES બેન્ક કપાત કરવા માટે હકદાર રહેશે.

g) ગ્રાહક સ્વીકારે છે કે ગ્રાહક દ્વારા કોઈ અન્ય ચુકવણી સાધનનો ઉપયોગ કરીને કરાયેલા ટ્રાન્ઝેક્શન નિષ્ફળ થાય, પાછા ફરે, નકારવામાં અથવા રદ થવાના કિસ્સામાં એ રકમ રિફંડ GPR પ્રીપેડ કાર્ડમાં જમા કરવામાં આવશે નહી.

h) કાર્ડના સભ્ય GPR પ્રીપેડ કાર્ડના સંબંધમાં તમામ વ્યવહારોમાં હંમેશાં સદભાવના સાથે વર્તન કરવાની બાંયધરી આપે છે. GPR પ્રીપેડ કાર્ડના કોઈપણ ગેરકાયદેસર અથવા ખોટા ઉપયોગ માટે ગ્રાહક જવાબદારી

સ્વીકારે છે જેમાં અહીં રહેલા નિયમો અને શરતોનું ઉલ્લંઘન સામેલ છે અને, ગ્રાહક દ્વારા અહીં આપવામાં આવેલા નિયમો અને શરતોના ઉલ્લંઘનના પરિણામે YES બેન્કને સીધી કે આડકતરી રીતે કોઈપણ ગેરલાભ, નુકસાન, વ્યાજ, રૂપાંતરણ, અને અન્ય કોઈપણ નાણાકીય ચાર્જ લાગે છે અને/અથવા બેન્ક તે ભોગવે છે તે YES બેન્કને ચુકવવા માટે બાંયધરી આપે છે અને સંમત થાય છે.

i) ગ્રાહક સંમત થાય છે કે તે કોઈપણ એવી ચીજવસ્તુઓ અને સેવાઓની ચુકવણી કરવા માટે GPR પ્રીપેડ કાર્ડનો ઉપયોગ નહીં કરે, જે લાગુ કાયદા હેઠળ ગેરકાયદેસર છે. પ્રતિબંધિત અથવા પ્રતિબંધિત ઉત્પાદનો અથવા સેવાઓની ખરીદી કરવા માટે GPR પ્રીપેડ કાર્ડનો ઉપયોગ કરી શકાતો નથી, દા.ત. લોટરીની ટિકિટો, પ્રતિબંધિત અથવા બેન્ડ કરવામાં આવેલા સામયિકો, ઘોડાના જુગારમાં ભાગીદારી, બિટકોઇન્સની ખરીદી, કોલ-બેક સેવાઓ માટે ચૂકવણી વગેરે.

j) ગ્રાહક આ સાથે સ્વીકારે છે અને સંમત થાય છે કે GPR પ્રીપેડ કાર્ડ YES બેન્ક દ્વારા રૂ. 50000 (રૂપિયા પચાસ હાજર પુરા) થી વધુ લોડ અથવા ફરીથી લોડ કરી શકાતું નથી.

k) ગ્રાહક આ સાથે સ્વીકારે છે અને સંમત થાય છે કે જો GPR પ્રીપેડ કાર્ડ દ્વારા એક (1) વર્ષના સતત ગાળા માટે કોઈ ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યું નથી, તો GPR પ્રીપેડ કાર્ડની માન્યતાને આધારે, GPR પ્રીપેડ કાર્ડને YES બેન્ક દ્વારા ગ્રાહકને નોટિસ મોકલ્યા પછી તેને નિષ્ક્રિય કરવામાં આવશે. આ GPR પ્રીપેડ કાર્ડ માત્ર YES બેન્ક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવેલ માન્યતા અને યથાયોગ્ય જરૂરી પગલા લીધા પછી, YES બેન્ક દ્વારા ફરી સક્રિય કરી શકાય છે.

l) ગ્રાહક પોતાના દ્વારા GPR પ્રીપેડ કાર્ડનો ઉપયોગ કરીને કરવામાં આવેલ તમામ વ્યવહારો માટે SMS પ્રાપ્ત કરવા અથવા YES બેન્ક તરફથી ચેતવણીઓ મોકલવા માટે સંમત થાય છે. YES બેન્ક તરફથી મોકલવામાં આવતા SMS અથવા ઇમેલ ચેતવણીઓમાં ડેબિટ અને ક્રેડિટ ટ્રાન્ઝેક્શન્સ, GPR પ્રીપેડ કાર્ડ પર ઉપલબ્ધ અથવા બાકી રહેલી સિલક અથવા YES બેન્ક દ્વારા સમયાંતરે સૂચિત કરવામાં આવતી અન્ય માહિતી અથવા વિગતો આપવામાં આવશે.

m) ગ્રાહક સંમત થાય છે અને પુષ્ટિ કરે છે કે ગ્રાહક પોતે પોતાના વ્યક્તિગત ઓળખ નંબર ("PIN") કોઈપણ સંબંધિત અથવા કુટુંબના સભ્યો અથવા તૃતીય પક્ષને કોઈ પણ સંજોગોમાં જણાવશે નહીં. PIN ની અનધિકૃત જાહેરાત અને/અથવા GPR પ્રીપેડ કાર્ડના અનધિકૃત ઉપયોગથી ઉદભવતા પરિણામો માટે ગ્રાહક પોતે જ સંપૂર્ણપણે જવાબદાર રહેશે.ગ્રાહક આ પ્રકારના PIN ની અનધિકૃત જાહેરાત અને/અથવા GPR

પ્રીપેડ કાર્ડના અનધિકૃત ઉપયોગના પરિણામ સ્વરૂપે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, કોઈપણ ખોટ કે નુકસાનના સંબંધમાં YES બેન્કને જવાબદાર ગણશે નહી અને તેની સામે દાવો જતો કરવાનો સ્વીકાર કરે છે. જો ગ્રાહક PIN ભૂલી જાય અથવા તે ખોવાઈ જાય તો, ગ્રાહકે લેખિતમાં અરજી કરવી જોઈએ અથવા નવા PIN માટે કસ્ટમર કેર સેન્ટરનો સંપર્ક કરવો જોઈએ. નવા PIN, YES બેન્કને પ્રદાન કરવામાં આવેલ હશે અથવા બેન્ક પાસે ઉપલબ્ધ હશે ટીવા ગ્રાહકના રજિસ્ટર્ડ ઇમેઇલ એડ્રેસ પર મોકલવામાં આવશે.

n) ગ્રાહક સહમત થાય છે કે YES બેન્ક તેની સંપૂર્ણ સ્વતંત્રતાથી, તેની સેવાઓના સંબંધમાં, તેના નિયમો મુજબ આવશ્યક હોય અથવા આવશ્યકતા મુજબ બાહ્ય સેવા પ્રદાતા/સેવાઓ અથવા એજન્ટની સેવાઓનો લાભ લઇ શકે છે.

o) ગ્રાહકને YES બેન્કની પોતાની વેબસાઈટ પર સમયાંતરે તેના દ્વારા અપલોડ કરવમ આવતા વારંવાર પૂછાતા પ્રશ્નો ("FAQ") માટે ઍક્સેસ આપવામાં આવશે.

## V. ઉલ્લંઘન

a) ગ્રાહક દ્વારા આ શરતો અને નિયમોનો ભંગ કરવાની ઘટનામાં, YES બેન્ક ઉપર વધારાના કોઈપણ દાવા, માંગ અથવા વિવાદ વિના, YES બેન્કને તરત જ GPR પ્રીપેડ કાર્ડ રદ કરવાનો અથવા સમાપ્ત કરવાનો અધિકાર રહશે.

b) અહીં આપવામાં આવેલા નિયમો અને શરતોના ભંગ બદલ અને તેના પરિણામે YES બેન્કને સીધી રીતે અથવા પરોક્ષ રીતે કોઈ ખોટ,નુકસાન, દાવા, દંડ, ખર્ચ, ચાર્જ અથવા એવો ખર્ચ (કાનૂની સલાહકાર ફી સહિત) ભોગવે છે/સહન કરે છે તો  ગ્રાહક YES બેન્કને તે ભરપાઈ કરવા માટે સહમત થાય છે અને વચનબદ્ધ છે.

## VI. અવધિ અને સમાપ્તિ

(a) GPR પ્રીપેડ કાર્ડ પ્રિન્ટિંગની તારીખથી એક (1) વર્ષ માટે અથવા GPR પ્રીપેડ કાર્ડ પર પ્રિન્ટ કરવામાં આવેલ સમાપ્તિની તારીખની મુદત પૂરી ન થાય ત્યાં સુધી માન્ય રહેશે.

(b) ગ્રાહક GPR પ્રીપેડ કાર્ડની સમાપ્તિ પછી કોઈપણ તૃતીય પક્ષને તેનો ઉપયોગ કરવાથી અટકાવવા તેનો નાશ કરવા માટે અમલ કરવા માટે સંમત થાય છે.

(c) ગ્રાહક કોઈ પણ સમયે, YES બેન્કને ત્રીસ (30) દિવસ પહેલાં લેખિત નોટિસ આપીને, GPR પ્રીપેડ કાર્ડની રદ કરવાની વિનંતી કરી શકે છે, સિવાય કે, ગ્રાહક દ્વારા તેને હોટ લિસ્ટિંગ માટે અથવા GPR પ્રીપેડ કાર્ડને બ્લોક કરવા વિનંતી કરવામાં આવે, તે કિસ્સામાં GPR પ્રીપેડ કાર્ડને તાત્કાલિક અસરથી રદ કરવામાં અને/અથવા સમાપ્ત કરી દેવામાં આવશે.

(d) ગ્રાહક એ સમજે છે કે આવી નોટિસ ત્યાં સુધી અમલમાં આવશે નહીં જ્યાં સુધી GPR પ્રીપેડ કાર્ડના ટોચના જમણા-ખૂણાને કાપીને નાશ કરી નાંખવામાં આવે છે, અને તે સુનિશ્ચિત કરવામાં આવે છે કે હોલોગ્રામ અને તેની ચુંબકીય પટ્ટી બન્ને કાપી નાખવામાં આવી છે અને તેનો નાશ કરવામાં આવ્યો છે અથવા YES બેન્કને તે જમા કરાવી દેવામાં આવ્યો છે. ગ્રાહક એ વાતમાં પણ સહમત છે કે GPR પ્રીપેડ કાર્ડની સમાપ્તિના પહેલાં, ગ્રાહક પાસે GPR પ્રીપેડ કાર્ડનો નાશ કરવાના દાવાઓ હોવા છતાંપણ તેને ધ્યાનમાં લીધા વિના GPR પ્રીપેડ કાર્ડ પર લાગુ થયેલા કોઈપણ ચાર્જ માટે ગ્રાહકની જવાબદારી ચાલુ રહેશે.

(e) YES બેન્ક નીચેના કિસ્સામાં તેની સંપૂર્ણ અધિકારીતા સાથે GIFT પ્રીપેડ કાર્ડ રદ કરી શકે છે

(i) ગ્રાહક નાદાર જાહેર થાય અથવા તેનું મૃત્યુ થાય તેવી ઘટનામાં

(ii) ગ્રાહક, આ નિયમો અને શરતો હેઠળની શરતો, નિયમો, ઠરાવો અથવા તેની જવાબદારીનો ભંગ કરતો જોવા મળે તેવા કિસ્સામા.

(iii) ભારતમાં કોઈ પણ નિયમનકારી અથવા વૈધાનિક સત્તાવાળા અથવા કોઈપણ તપાસ એજન્સી દ્વારા જારી કરાયેલ આદેશ દ્વારા અથવા સક્ષમ અદાલતના આદેશ દ્વારા ગ્રાહક પર લાદવામાં આવેલા કોઈપણ પ્રતિબંધની ઘટનામાં.

(IV) GPR પ્રીપેડ કાર્ડ પ્રોગ્રામ લાગુ કાયદાઓ, નિયમો અને માર્ગદર્શિકા અથવા પરિપત્ર હેઠળ ગેરકાયદેસર જાહેર થાય એવા કિસ્સામાં.

(v) GPR પ્રીપેડ કાર્ડ સમગ્ર રીતે પ્રોગ્રામ સમાપ્ત થાય એવા કિસ્સામાં.

(f) YES બેન્ક, કોઈપણ સમયે, કોઈ પણ નોટિસ આપ્યા વિના અથવા કોઈપણ કારણ જણાવ્યા વિના અસ્થાયી રૂપે અથવા કાયમી ધોરણે, GPR પ્રીપેડ કાર્ડ પરના વિશેષાધિકારો પાછી ખેંચી શકે છે અને/અથવા GPR પ્રીપેડ કાર્ડ રદ કરવાનો તેનો સંપૂર્ણ સત્તાનો અધિકાર જાળવી રાખે છે. કામચલાઉ રીતે રદ કરવાના કિસ્સામાં, GPR પ્રીપેડ કાર્ડ સાથે જોડાયેલા વિશેષાધિકારો, YES બેન્ક દ્વારા તેની સંપૂર્ણ સ્વતંત્રતાથી પુનઃસ્થાપિત કરવામાં આવી શકે છે. અને કાયમી રીતે રદ કરવાના કિસ્સામાં, YES બેન્કને GPR પ્રીપેડ કાર્ડ કાયમી ધોરણે રદ કરવાનો અધિકાર છે. જો કે, તે સ્પષ્ટ રીતે જાણ કરવામાં આવે છે કે રદ કરવાના કીસ્સામાં (કામચલાઉ અથવા કાયમી) તમામ લાભો, વિશેષાધિકારો અને GPR પ્રીપેડ કાર્ડ સાથે જોડાયેલ સેવાઓ સ્વચાલિત રીતે પાછી ખેંચી લેવામાં આવશે. ગ્રાહક એ વાત પર સહમત છે કે GPR પ્રીપેડ કાર્ડના કામચલાઉ અથવા કાયમી રદ કરાવની ઘટનામાં ગ્રાહક આ કાર્ડ રદ થયા પહેલાં GPR પ્રીપેડ કાર્ડ પર લાગુ થતા તમામ ચાર્જીસ માટે સંપૂર્ણપણે જવાબદાર રહેશે, અને અન્ય તમામ લાગુ પડતા ચાર્જીસ માટે પણ જવાબદાર રહેશે, જ્યાં સુધી YES બેન્ક દ્વારા કોઈ નિર્દિષ્ટ આપવામાં ન આવે.

(g) જો YES બેન્ક અસ્થાયી ધોરણે અથવા કાયમી ધોરણે, વિશેષાધિકારો પાછો ખેંચી લે અથવા GPR પ્રીપેડ કાર્ડને રદ કરે તો, YES બેન્ક તેના શ્રેષ્ઠ પ્રયત્નો સાથે, તરત જ ગ્રાહકને એ વિશે સૂચિત કરશે, જો કે YES બેન્ક આવી સૂચના મળવામાં થતા વિલંબ અથવા બિનજરૂરી ઢીલ જવાબદાર અને ઉત્તરદાયી નથી.

(h) ઉપરોક્ત જણાવેલ મુજબ GPR પ્રીપેડ કાર્ડના રદ થવાના કિસ્સામાં, GPR કાર્ડમાં જો કોઈ રકમ બાકી રહેતી હોય તો તે રકમ ગ્રાહકને પાછી આપવામાં આવશે, જે પે ઓર્ડર/ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા લાગુ પડતા ચાર્જીસના ચુકવણીને આધીન રહેશે. અને ગ્રાહક પાસેથી લેખિત વિનંતીની રસીદ મેળવવામાં આવશે. બાકીની રકમના રિફંડ માટે ગ્રાહકે YES બેન્કને વિનંતી સબમિટ કરવાની રહેશે.

**VII. નોટીસો**

નીચે જણાવેલી YES બેન્ક દ્વારા આપવામાં આવનારી કોઈ પણ નોટિસ, નોટિસની તારીખથી અથવા મોકલવામાં આવેલ ઇમેઇલની તારીખથી સાત (7) દિવસની અંદર ગ્રાહક દ્વારા પ્રાપ્ત થયેલી છે એવું માનવામાં આવે છે આ નોટીસ YES બેન્ક દ્વારા રજીસ્ટર મેઈલીંગ એડ્રેસ પર અથવા પ્રદાન કરવામાં આવેલ ઇમેઇલ પર અથવા YES બેન્ક પાસે ઉપલબ્ધ ઈમેઈલ પર મોકલવામાં આવે છે.

નીચે જણાવેલી ગ્રાહક દ્વારા આપવામાં આવનારી કોઈ પણ નોટિસ પ્રાપ્ત થઇ છે એવું ત્યારે જ માનવામાં આવશે જયારે આ નોટીસ YES બેન્કની કોર્પોરેટ ઓફિસના સરનામાં 22 મો માળ, ઇન્ડિયાબુલ્સ ફાઇનાન્સિયલ સેન્ટર, સેનાપતિ બાપત માર્ગ, એલિફિન્સ્ટન (W) મુંબઈ – 400013 ખાતે આ નોટિસ પ્રાપ્ત થઇ છે એવી સ્વીકૃતિ આપ્યા પછી જ ગણવામાં આવશે.

નીચે જણાવેલી ગ્રાહક પાસેથી કોઈ નોટિસ અથવા સંદેશાવ્યવહાર માટે YES બેન્ક પર બંધનકર્તા રહેશે નહીં સિવાય કે તે લેખિતમાં હોય અને તે YES બેન્કને બજાવવામાં આવી છે અને તે સ્વીકારવામાં આવી છે અથવા રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલવામાં આવી છે, અથવા સ્વીકૃતિ પત્ર આપવામાં આવ્યું છે.

## VIII. ચાર્જીસ

a) ચાર્જીસમાં આનો સમાવેશ થશે:

(a) GPR પ્રીપેડ કાર્ડના સંદર્ભમાં , રિપ્લેસમેન્ટ, નવીનીકરણ, હેન્ડલિંગ અને અન્ય ફી સહિત જો કોઈ હોય તો YES બેન્ક દ્વારા કરવામાં આવેલ ચાર્જ ફી. આ ફી બિન-રિફંડપાત્ર, નોન-ટ્રાન્સફર અને નોન-અસાઇનિંગ પ્રકૃતિ ધરાવે છે.

(b) ચોક્કસ પ્રકારના વ્યવહારો પર સેવા ચાર્જ. આવા ચાર્જીસની ગણતરીની રીત સમયાંતરે બેન્કની વેબસાઇટ: www.yesbank.in પર સૂચિત કરવામાં આવશે.

b) દ્રશ્યમાન ભૂલ ન હોય તેવા સંજોગોમાં, આ તમામ ચાર્જ ગ્રાહક માટે અંતિમ અને બંધનકર્તા અને નિર્ણાયક રહેશે.

c) બધા વૈધાનિક કર, માલ અને સેવા કર, અન્ય તમામ કરવેરા, ડ્યુટી (GPR પ્રીપેડ કાર્ડ સાથે જોડાણ ધરાવતી સ્ટેમ્પ ડ્યુટી અને સંબંધિત રજીસ્ટ્રેશન ચાર્જિસ સહિત, જો કોઈ હોય તો,) અને GPR પ્રીપેડ કાર્ડના સંબંધમાં કોઈપણ કર (કોઈપણ જાતના) જે સમયાંતરે સરકાર અથવા અન્ય સત્તાવાળાઓ દ્વારા લાદવામાં આવે છે, તે ગ્રાહક દ્વારા ભોગવવાના રહેશે.

**IX. રોકડ ઉપાડ**

a) ગ્રાહક કટોકટીના કિસ્સામાં YES બેન્કના ATM અને સભ્ય બૅન્કના ATM માંથી રોકડ ઉપાડ કરવા માટે માટે જીઆરપી પ્રીપેડ કાર્ડનો ઉપયોગ કરી શકે છે. જો કે, કોઈપણ સમયે કોઈ પણ સમયે ઉપાડવામાં આવેલ કુલ રકમ, આરબીઆઈ દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવેલ મર્યાદાની રકમથી અથવા GPR પ્રીપેડ કાર્ડ પર ઉપલબ્ધ રકમ મર્યાદામાં ઉપલબ્ધ બેલેન્સથી વધુ હશે નહીં.

**X. GPR પ્રિપેઇડ કાર્ડ ખોવાઈ જવું, ચોરાઈ જવું અથવા તેનો દુરુપયોગ:**

a) જો GPR પ્રીપેડ કાર્ડ ખોવાઇ જાય કે ચોરાઇ જાય તો, ગ્રાહકે કસ્ટમર કેર સેન્ટરને ખોવાઈ જવા અથવા ચોરાઈ જવાનો તાત્કાલિક રીપોર્ટ આપવો જોઈએ અને GPR પ્રીપેડ કાર્ડને તાત્કાલિક સસ્પેન્ડ કરવા માટે વિનંતી કરવી જોઈએ.

b) ગ્રાહક સ્વીકારે છે કે એકવાર GPR પ્રીપેડ કાર્ડ ખોવાઈ જાય, ચોરાઈ જાય અથવા ક્ષતિગ્રસ્ત થઈ જાય, તો પછી તે GPR પ્રીપેડ કાર્ડનો ફરીથી ઉપયોગ કરી શકાતો નથી, પછી ભલે તે પાછળથી મળી જાય.

GPR પ્રીપેડ કાર્ડની સુરક્ષા કરવી એ ગ્રાહકની પોતાની જવાબદારી છે અને માટે તેણે એ સુનિશ્ચિત કરવા તમામ પગલા લેવા જોઈએ કે GPR પ્રીપેડ કાર્ડનો દુરુપયોગ કરવામાં આવતો નથી. GPR પ્રીપેડ કાર્ડ ખોવાઈ જવાના,ચોરી થવાના અથવા નાશ થાના કોઈપણ કિસ્સામાં ઉપરોક્ત પગલાં લેવા માટે ગ્રાહકે ઉપેક્ષા કરી છે અથવા તેને સ્વીકારવાનો ઇનકાર કર્યો છે એવું કંઈપણ YES બેન્ક નક્કી કરે છે અથવા એવી

માહિતી પ્રાપ્ત કરે છે, તો YES બૅન્ક આવા GPR પ્રીપેડ કાર્ડ રદ્દ કરવા અથવા બંધ કરવાનો અધિકાર અનામત રાખે છે.

c) GPR પ્રીપેડ કાર્ડ ગ્રાહક પાસેથી ખોવાઈ જાય છે, ચોરાઇ જાય છે અથવા નુકસાન થાય છે તો એવા GPR પ્રીપેડ કાર્ડ પર કરવામાં આવેલા કોઈપણ અનધિકૃત ટ્રાન્ઝેક્શન માટે ગ્રાહકની કોઈ જવાબદારી થતી નથી. ગ્રાહક દ્વારા રિપોર્ટિંગ કર્યા પછી, GPR પ્રીપેડ કાર્ડ પર કરવામાં આવતા તમામ વ્યહવારની તમામ જવાબદારીઓ, YES બેન્ક દ્વારા લેવામાં આવશે. જો કે, GPR પ્રીપેડ કાર્ડ ખોવાઈ જવા, ચોરાઇ જવા અથવા દુરુપયોગ માટેના રિપોર્ટિંગ પછી પછી, GPR પ્રીપેડ કાર્ડ માટે આપેલ રિપોર્ટિંગ અને/અથવા ટ્રાન્ઝેક્શન/સમયના સંબંધિત કોઈ વિવાદના કિસ્સામાં, YES બેન્કના તમામ નિર્ણયો અંતિમ અને ગ્રાહક માટે બંધનકર્તા રહેશે.

**XI જવાબદારી માંથી મુક્ત કરવું**

a) ઉપરોક્ત ઘટનાઓ પર કોઈપણ પ્રતિકુળ પ્રભાવ વિના, YES બેન્ક નીચેના કોઈપણ હેઠળ સીધી કે આડકતરી રીતે કોઈપણ ખોવાઈ જવાના કે હાનિ થવાના કોઈપણ કિસ્સામાં ગ્રાહક અથવા અન્ય તૃતીય પક્ષની જવાબદારી અથવા ઉત્તરદાયિત્વ હેઠળ રહેશે નહીં,:

1. પૂરો પાડવામાં આવેલ કોઈપણ માલ કે સેવાઓમાં આવેલી કોઈપણ ખામી
2. ગુણવત્તા, મૂલ્યની વોરંટી, ડિલિવરીમાં વિલંબ, ડિલિવરી ના થવી, કોઈપણ ચીજવસ્તુ અથવા સેવાઓ ન મળવા અંગેના કોઈપણ વિવાદ;
3. કોઈપણ વ્યક્તિ દ્વારા GPR પ્રીપેડ કાર્ડ સ્વીકારવાનો ઇનકાર
4. ગમે તે કારણોસર GPR પ્રીપેડ કાર્ડની યોગ્ય કામગીરી ન થવી, અથવા કોઈપણ કારણસર ATM પર તે કાર્યરત ન થાય
5. કોઈપણ કમ્પ્યુટર ટર્મિનલનું ખરાબ થઇ જવુ
6. કોઈપણ ફોર્સ મેજુર ઘટનાઓ
7. GPR પ્રીપેડ કાર્ડને કોઈ પણ તૃતીય પક્ષમાં ટ્રાન્સફર કરવું.
8. ગ્રાહક દ્વારા GPR પ્રીપેડ કાર્ડની સમાપ્તિ કરવી

9. YES બેન્ક દ્વારા GPR પ્રીપેડ કાર્ડના પુનઃ કબજો લેવાના કારણે થતા ગ્રાહકને નુકસાન.

10. ગ્રાહક પાસેથી આ સંદર્ભમાં સૂચનાઓ મળ્યા પછી GPR પ્રીપેડ કાર્ડ માટે ફાળવવામાં આવેલી રકમમાં કોઈપણ તફાવત.

11. ગ્રાહકની વિનંતી પર GPR પ્રીપેડ કાર્ડ પર કરવામાં આવેલ કોઈપણ રિવર્સલ.

**XII વિવાદિત વ્યવહારો**

a) ચુકવણી માટે YES બેન્કને પ્રાપ્ત થયેલ કોઈપણ ચાર્જ અથવા ટ્રાન્ઝેક્શન સ્લિપ અથવા અન્ય ચુકવણીની માંગ એ આવા ખર્ચનો નિર્ણાયક પુરાવો ગણવામાં આવશે, સિવાય કે GPR પ્રીપેડ કાર્ડ ખોવાઈ જાય, ચોરાઇ જાય અથવા તેનો કપટથી ગેરકાયદેસર રીતે ઉપયોગ કરવામાં આવે અને ગ્રાહક દ્વારા તેના પુરાવા આપવામાં આવ્યા હોય.

b) GPR પ્રીપેડ કાર્ડના સંબંધમાં તમામ વિવાદિત ટ્રાન્ઝેક્શનની ફરિયાદ ગ્રાહકે વિવાદિત વ્યવહારો (ટ્રાન્ઝેક્શન)ની તારીખથી પંદર (15) દિવસની અંદર YES બેન્ક દ્વારા સંચાલિત કસ્ટમર કેર સેન્ટરને જાણ કરવાની જરૂર પડશે. ગ્રાહક એ સ્વીકારે છે કે વિવાદિત ટ્રાંઝેક્શનની તારીખથી 15 દિવસ પછી કરવામાં આવેલ કોઈપણ ફરિયાદ YES બેન્ક સ્વીકારશે નહીં.

**XIII વસ્તુઓ અને સેવાઓની ગુણવત્તા**

a) કોઈપણ માલની ખરીદી અથવા સેવાઓ લેવા સંબંધિત કોઈપણ મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ વિશેના કોઈપણ વિવાદ અથવા ફરિયાદ વિશે ગ્રાહકે સીધા મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ સાથે ઉકેલવાની રહેશે.

**XIV સ્પષ્ટીકરણ**

a) ગ્રાહકને લગતી માહિતીને વહેંચવા અને GPR પ્રીપેડ કાર્ડના ઉપયોગ વિશેની માહિતી અન્ય કોઇ બેન્કો અથવા નાણાકીય અથવા વૈધાનિક અથવા નિયમનકારી સત્તાવાળાઓ સાથે શેર કાર્વા માટે ગ્રાહક સ્વીકાર કરે છે અને તેના માટે સંમતિ આપે છે.

b) ગ્રાહક સ્વીકારે છે અને સહમત થાય છે કે YES બેન્ક કોઈ પણ અન્ય બેન્કો અથવા નાણાકીય અથવા વૈધાનિક અથવા નિયમનકારી સત્તાવાળાઓને ગ્રાહકના કોઈપણ ગુનાઓ અને/અથવા GPR પ્રીપેડ કાર્ડના ઉપયોગ વિશેની માહિતી આપી શકે છે. YES બેન્ક આપવામાં આવેલ આવી કોઈપણ જાણકારી વિશે આવી બેન્કોની વિગતો અથવા નાણાંકીય અથવા વૈધાનિક અથવા નિયમનકારી સત્તાવાળાઓની વિગતો ગ્રાહકને જાહેર કરવા માટે બાધ્ય નથી.

c) ગ્રાહક YES બેન્ક અને તેના એજન્ટોને ગ્રાહકની વિગતો અને ચુકવણીના ઇતિહાસને લગતી બધી માહિતી YES બેન્કની ગ્રૂપ કંપનીઓ અથવા આનુષંગિકો સાથે શેર કરવા અથવા તેમની સાથે એક્સચેન્જ કરવા માટે અધિકૃત કરે છે.

**XV. કાયદાનું સંચાલન અને ન્યાયક્ષેત્ર**

a) આ નિયમો અને શરતો સંબંધિત ઉદભવતા તમામ વિવાદોને ભારતના કાયદા અનુસાર સંચાલિત કરવામાં આવશે અને તેનો અમલ મુંબઈની અદાલતોના વિશિષ્ટ અધિકારક્ષેત્રને આધીન રહેશે.

**XVI. આ નિયમો અને શરતોમાં ફેરફાર**

YES બેન્ક, આ નિયમો અને શરતો, અને GPR પ્રીપેડ કાર્ડ પર આપવામાં આવે છે તેવી સુવિધાઓ અને લાભો, જેમાં વ્યાજની વસૂલાત અથવા દર અને ગણતરીની પદ્ધતિઓનો સમાવેશ થાય છે પરંતુ તેના સુધી મર્યાદિત નથી તે બધામાં ફેરફાર કરવાની અબાધિત સત્તા અનામત રાખે છે.

a) YES બેંક આ નિયમો અને શરતોમાં થતા ફેરફાર અને સુધારા તેની વેબસાઇટ, www.Yesbank.in, અથવા YES બેંક દ્વારા નક્કી કરાયેલ કોઈપણ અન્ય રીત દ્વારા જાહેર કરશે.
b) ગ્રાહક આ નિયમો અને શરતોની સમીક્ષા કરવા માટે જવાબદાર રહેશે, જેમાં સુધારાઓ પણ સામેલ છે, અને જે YES બેન્કની વેબસાઇટ www.yesbank.in પર પોસ્ટ કરવામાં આવી શકે છે: અને ગ્રાહક GPR પ્રીપેડ કાર્ડનો ઉપયોગ ચાલુ રાખીને આ સુધારેલા નિયમો અને શરતો સ્વીકાર્યા છે એવું માનવામાં આવશે.

**XVII ચાર્જ શેડ્યૂલ**

| ફી | રકમ |
|---|---|
| કાર્ડની ફાળવણી | રૂ. 200 પ્રતિ કાર્ડ |
| ATM માંથી રોકડ ઉપાડ | રૂ, 20 |
| ATM સિલક માટેની પૂછપરછ | રૂ. 8 |
| વાર્ષિક ફી | રૂ. 200 |
| કાર્ડ બદલવું | રૂ. 100 પ્રતિ કાર્ડ |

જો કે આમાં સમાવિષ્ટ ન હોય તેવા GPR પ્રીપેડ કાર્ડ દ્વારા કરવામાં આવેલ કોઈપણ ટ્રાન્ઝેક્શન પર લાગુ પડતા કાયદા હેઠળ આવશ્યક સ્રોત પર કપાતપાત્ર કર કપાતો જે YES બેન્ક દ્વારા કરવામાં આવે છે તેને અટકાવી શકાશે નહી.

**XVIII ગ્રાહક ફરિયાદ નિવારણ**

a) GPR પ્રીપેડ કાર્ડ અને/અથવા આ નિયમો અને શરતો સંબંધિત કોઈપણ વિવાદ અથવા ફરિયાદના કિસ્સામાં, ગ્રાહક YES બૅન્કના 24 કલાક કસ્ટમર કેર નંબર 1800 2000 પર અથવા ઇમેઇલ yestouch@yesbank.in પર સંપર્ક કરી શકે છે.

b) GPR પ્રીપેડ કાર્ડ અને/અથવા આ નિયમો અને શરતો સંબધિત વિવાદ અથવા ફરિયાદ YES બૅન્ક કસ્ટમર કેર દ્વારા પર્યાપ્ત રીતે સંબોધવામાં આવતી નથી અથવા ઉકેલવામાં આવતી નથી, તો ગ્રાહક YES બૅન્ક નોડલ ઓફિસરની વિગતોનો સંપર્ક કરી શકે છે. જે YES બેન્કની વેબસાઇટ પર ઉપલબ્ધ હોય છે.

c) YES બેંક એ માટે સહમત થાય છે કે ગ્રાહક દ્વારા કરવામાં આવેલ તમામ ફરિયાદો, વિવાદો અથવા ચિંતાઓને સમયબદ્ધ રીતે સંબોધવામાં આવશે અને/અથવા ઉકેલવામાં આવશે.

d) ગ્રાહક તેમની ફરિયાદ નિવારણ માટે કોઈપણ સમયે બેંકિંગ લોકપાલનો સંપર્ક કરી શકે છે.